# પાલક માતા પિતા યોજના

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | આ યોજના નો લાભ કોને મળે ? | ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષના ઉંમરના તમામ અનાથ બાળકોને કે જેના માતા-પિતા હયાત નથી અથવા પિતાનુ અવસાન થવાથી માતાએ પુન: લગ્ન કરેલ હોય તેવા કિસ્સામાં બાળક માતા સાથે રહેતુ ન હોય અથવા માતાનું અવસાન થવાથી પિતાએ પુન:લગ્ન કરેલ હોય તેવા કિસ્સામાં બાળક પિતા સાથે ન રહેતુ હોય અને સગા- સંબંધી પાસે રહેતુ હોય તેવા બાળકોને. |
| ૨ | આ યોજના હેઠળ કેટલી રકમની સહાય આપવામાં આવે છે ? | આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ.૩૦૦૦/- ની સહાય મળવાપાત્ર છે . |
| ૩ | આ યોજનાનો લાભ લેવા વાર્ષિક આવકમર્યાદા કેટલી છે? | આ યોજનાનો લાભ લેવા પાલક માતા-પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૨૭૦૦૦/- થી વધુ અને શહેરી વિસ્તારમાં રૂ.૩૬૦૦૦/-થી વધુ હોવી જોઇએ. |
| ૪ | આ યોજનાનો લાભ લેવા અરજીપત્રક સાથે કયા પુરાવા રજુ કરવાના હોય છે ? | આ યોજનાનો લાભ લેવા પાલક માતા-પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૭૦૦૦/- થી વધુ અને શહેરી વિસ્તારમાં રૂ ૩૬૦૦૦/-થી વધુ હોવાનો મામલતદાર / તલાટી કમ મંત્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રીનો આવકનો દાખલો, બાળકના આધારકાર્ડની નકલ, ઉમંરનો પુરાવો.અભ્યાસ ચાલું હોવા અંગેનું શાળા/કોલેજનું પ્રમાણપત્ર , બેંક એકાઉન્ટની વિગત. |
| ૫ | આ યોજના નો લાભ લાભ લેવા અરજી ક્યાં કરવી ? | આ યોજના નો લાભ મેળવવા માટે અરજદાર ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ –http://esamajkalyan.gujrat.gov.in પર ઓનલાઇન અરજી કરી શકશે, અથવા જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારિશ્રીની કચેરી અથવા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી ખાતેથી વિનામુલ્યે અરજી ફોર્મ મેળવી જરૂરી વિગતો સામેલ રાખી જમા કરાવવાનું રહેશે. |